


ગાંધીનગરના ખૂબ જૂના અને જાણીતા સેકટર-૧૯ના જીમખાનાનું રીનોવેશન પૂરજોશમાં ચાલી રહ્યું છે. અહીં નવી નવી રમતો માટે અત્યાધુનિક સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. જુનું સ્વીમીંગ પુલ તો કયારનુંય પુરી દેવામાં આવ્યું છે. અહીં હવે ઓલમ્પિક કક્ષાનું સ્વમીંગ પુલ તૈયાર થઈ રહ્યું છે. જેનો ટૂંક સમયમાં પ્રારંભ કરવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૧૭ જેટલા ઉપસચિવોની બદલી અને ૨૯ જેટલા સેકશન અધિકારીઓને બઢતી આપતા હુકમો મોડી રાત્રે જારી કર્યા હતા.
- ગાંધીનગરમાં હવે સાયકલ સવારી માટેનો પ્રેમ નગરજનોમાં વધતો જોવા મળી રહ્યો છે.
- એન્ટીજન ટેસ્ટના કેમ્પ યોજવા માટે આરોગ્ય તંત્ર પાસે સંખ્યાબંધ કચેરીઓએ રજુઆત કરતાં તંત્ર માટે હવે કોને અગ્રતા આપવી તે સમસ્યા ઉભી થવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાનો દિવસ હોવાથી લોકોએ ઘરમાં જ બેસી અને આઈપીએલની મેચોની મજા લૂંટી હતી.
- ૧૪મી ઓકટોબર સુધી જિલ્લામાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે તેવી સંભાવનાઓ હવામાન પૂર્વાનુમાનમાં વ્યકત કરવામાં આવી છે. મહત્તમ તાપમાન ૧૪મી સુધી ૩૭ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૨૨.૨૪ ડિગ્રી સે. રહેશે.
- રાજયના આયુર્વેદ વિભાગે પોષણ માહ ૨૦૨૦ અંતર્ગત એક ખાસ ઈ-બુકલેટ બનાવી છે જેણે ભારે આકર્ષણ વાચકોમાં ઉભું કર્યું છે.

# આજથી ગુજરાતથી મહારાષ્ટ્ર વચ્ચે એસટી બસ સેવા શરૂ

અમદાવાદ,તા.૧૦

કોરોના મહામારી વચ્ચે સાત મહિના બાદ ગુજરાત એસટી બસ દ્વારા આજથી, ૧૦ ઓક્ટોબરથી મહારાષ્ટ્ર રાજયમાં બસ સેવાઓ શરૂ કરવામાં આવી છે.રાજ્યનાં વિવિધ શહેરોમાંથી મહારાષ્ટ્રના શહેરો માટે ૧૨૧ જતા અને ૧૨૧ ટ્રીપ આવતા મળી કુલ ૨૪૨ ટ્રીપ દ્વારા ૩૦૭૨૮ કિલોમીટર સંચાલન કરવામાં આવશે. જેના કારણે હજારો મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો છે. આ સાથે આજથી કંડલાથી દિલ્હીની ફ્લાઈટ પણ શરૂ થશે. આ સંચાલનમાં દૈનિક ૧૨,૦૦૦ મુસાફરોને મુસાફરીનો લાભ મળશે. ગુજરાતમાં એસટી નિગમના ૧૬ વિભાગો પૈકી જુનાગઢ સિવાયના બાકીના તમામ વિભાગોમાંથી બસો મહારાષ્ટ્ર તરફ દોડાવાશે. જુનાગઢ વિભાગનું મહારાષ્ટ્ર તરફનું એસટી બસોનું શિડયુલ જ ન હોવાથી ત્યાંથી બસો નહીં જાય. મહત્વનું છે કે, હજી મધ્યપ્રદેશમાં બસો શરૂ કરવા અંગેનો નિર્ણય હજુ લેવાયો નથી. થોડા જ દિવસોમાં નવરાત્રી અને દિવાળી જેવા તહેવારો આવવાના હોવાથી અનેક મધ્યમ અને ગરીબ મધ્યમ વર્ગોનાં પરિવારમાં આ બસ સેવાઓ શરૂ થતા રાહત થઈ છે. ત્યારે ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં કુલ ૨૪૨ ટ્રિપ દોડાવવામાં આવશે. દેશની રાજાધાની દિલ્હીને જોડતી દિલ્હી-કંડલા વચ્ચેની વિમાની સેવા આજથી,૧૦ ઓકટોબરાથી શરૂ થશે. બપોરે ૨:૫૫ કલાકે સ્પાઈસ જેટનું એરક્રાફ્ટ કંડલા એરપોર્ટ પર આવશે અને બપોરે ૩:૨૫ વાગ્યે દિલ્હી જવા રવાના થશે. આ ફ્લાઈટમાં મહતમ ૭૮ બેઠક ક્ષમતા હશે.

# રાજ્યમાં ચૂંટણી પ્રચાર માટે માર્ગદર્શિકા જાહેર

**સૂચનાઓના પાલન સાથે ચૂંટણીનો પ્રચાર કરી શકાશે : કોરોનાને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે ચૂંટણી પ્રચાર માટે કેટલીક અગત્યની સૂચનાઓ એસ. ઓ. પી જાહેર કરી**

ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં યોજાનારી વિધાન સભા ની ૮ બેઠકો ની પેટા ચૂંટણી ના પ્રચાર માટે પ્રવર્તમાન કોરોના વાયરસના સંક્રમણ અને લોકો ના આરોગ્ય સુખાકારી ધ્યાનમાં લઈને ભારત ના ચૂંટણી પંચ ના દિશા નિર્દેશો ને પગલે રાજ્ય સરકારે ચૂંટણી પ્રચાર સંદર્ભે કેટલીક માર્ગ દર્શક અગત્યની સૂચનાઓ એસ. ઓ.પી જાહેર કરી છે.આ સૂચનાઓ ના અનુપાલન સાથે પેટા ચૂંટણીઓ માટે નો પ્રચાર કરી શકાશે. આ માર્ગદર્શિકા ની મુખ્ય બાબતો આ મુજબ છે.જે જગ્યાએ ચૂંટણી યોજાવાની છે ત્યાં પ્રચાર સભા કે અન્ય પ્રચાર માટે જે તે જિલ્લા મેજિસ્ટ્રેટ /પોલીસ કમિશનર ની મંજૂરી મેળવી નીચે મુજબની ગાઈડ લાઈન સાથે સભા કે પ્રચાર કામગીરી કરી શકાશે.

સભા ના આયોજન માટે બંધ જગ્યામાં જગ્યા / સ્થળની ક્ષમતાના ૫૦ % પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિની મર્યાદા રહેશે. ખુલ્લી જગ્યામાં આ પ્રકારના કાર્યક્રમો માટે મેદાન કે સ્થળના વિસ્તારને ધ્યાને લઈ ૬ ફૂટની દૂરી સાથેનું Physical distancing , સમગ્ર સમારંભ દરમિયાન ચહેરાને યોગ્ય રીતે ઢાંકી રાખવો, થર્મલ સ્કેનીંગની સગવડતા, હેન્ડ વોશ કે સેનેટાઈઝરની સુવિધાની શરતે ૧૦૦ થી વધુ વ્યકિતઓના ચૂંટણી સંબંધિત રાજકીય સમારંભ માટે મંજુરી આપી શકાશે. સભા અને મીટીંગના સ્ટેજ ઉપર સોશીયલ ડિસ્ટન્સીંગ સાથે વ્યકિતગત ખુરશી પર (સોફા રાખી શકાશે નહી) સાત થી વધુ વ્યકિતઓ સ્ટેજ ઉપર બેસી શકશે નહીં.

જો સ્ટેજ મોટુ હોય તો આગળ –પાછળ હરોળમાં વધુમાં વધુ ૧૪ લોકો હરોળ દીઠ ૭ વ્યકિતઓ બેસી શકશે. આ પ્રકારના કાર્યક્રમ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ કે પોલીસ કમિશ્નરને પૂર્વમંજુરી માટે અરજી કરવાની રહેશે. જેમાં કાર્યક્રમની તારીખ, સમય, સ્થળ તથા તેમાં હાજર રહેનાર વ્યકિતઓની સંભવિત સંખ્યા દર્શાવવાની રહેશે. આવા કાર્યક્રમમાં હાજર રહેનાર વ્યકિતઓની સંખ્યા તથા અન્ય શરતોના પાલનની જવાબદારી આયોજકની રહેશે. Door to Door પ્રચારમાં ઉમેદવાર સહિત ૫ વ્યક્તિની મર્યાદા રાખો શકાશે. Road Show / Bike rally - વાહનોના કાફલામાં દર ૫ વાહનો પછી યોગ્ય અંતર રાખવાનું રહેશે. વાહનોના બે કાફલા વચ્ચે ૧૦૦ મીટરના અંતરના બદલે ૩૦ મીનીટનો સમયગાળો રાખવાનો રહેશે. Election Meetings એ કોવિડ-૧૯ ની માર્ગદર્શક સૂચનોને અનુરૂપ રહીને Public Gathering / Rally યોજી શકાશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ Rally કે સભા માટે મેદાનો અગાઉથી નક્કી કરવાના રહેશે. જેમાં આવન - જાવનની ચોક્કસ વ્યવસ્થા રાખવાની રહેશે. આવા મેદાનોમાં સોશીયલ ડિસ્ટન્સીંગના માપદંડો જળવાય તે માટે નિશાનીઓ કરવાની રહેશે. નિયત કરવામાં આવેલ સંખ્યા કરતા લોકો વધે નહિ તે અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને પોલીસ અધિક્ષકએ કાળજી લેવાની રહેશે.

# સોશિયલ મીડિયામાં નવરાત્રિ રદ થતાં કલાકારો અને તબીબો વચ્ચે તૂં... તૂં... મેં... મેં...

**ડોક્ટરોના ઘર-ક્લિનિક બહાર કાર્યક્રમની ચિમકી : શુક્રવારે સરકારે જાહેર કરેલી ગાઈડલાઈનમાં નવરાત્રિથી લઈને દિવાળી સુધીના તહેવારો પર પ્રતિબંધ મૂકાયો હતો**

અમદાવાદ,તા.૧૦

ગઈકાલે ગુજરાત સરકારે જાહેર કરેલી ગાઈડલાઈનમાં નવરાત્રિથી લઈને દિવાળી સુધીના તહેવારો પર પ્રતિબંધ મૂક્યો છે. જેનાથી ખેલૈયાઓના મન ઉદાસ થયા છે. તો બીજી તરફ, નવરાત્રીમાં ગરબાના આયોજનને પરવાનગી ન મળવાનો મામલે કેટલાંક લોકોએ સોશિયલ મીડિયા પર ડોક્ટરોનો વિરોધ શરૂ કર્યો છે. ડોકટરોના ઘર અને ક્લિનિક બહાર કલાકારોના માધ્યમથી કાર્યક્રમ કરવાની ચીમકી આપી છે. સોશિયલ મીડિયા પર પાંચ તબીબોનો વિરોધ કરાયો છે.

પાંચ ડોક્ટરોના નામ સોશિયલ મીડિયામાં લખી પોસ્ટ વાયરલ કરી છે. જેમાં ડો. મોના દેસાઈ, ડો.મુકેશ મહેશ્વરી, ડો.વસંત પટેલ, ડો.મીતાલી વસાવડા અને ડો.પ્રભાકર સામે લોકોએ આક્રોશ વ્યક્ત કરીને વિરોધ શરૂ કર્યો છે. ગુજરાતમાં વધતાં કોરોનાના સંક્રમણને કારણે પાંચેય ડોક્ટરોએ મીડિયાના માધ્યમથી ચાલુ વર્ષે ગરબાની પરવાનગી ન મળે તે માટે અપીલ કરી હતી. જેથી લોકોએ નવરાત્રિ પર મૂકાયેલ પ્રતિબંધ માટે આ તબીબોને જવાબદાર ગણાવ્યા છે. પાંચેય ડોક્ટરોને કલાકાર વિરોધી તરીકે ચીતરવામાં આવ્યા છે. બબલુ અમદાવાદી નામના શખ્સે પોતાના ફેસબુક પર આ પોસ્ટ શેર કરી છે. ડોક્ટરોએ ગરબાના આયોજન સામે કરેલા વિરોધ મામલે કલાકારોએ સૌથી પહેલા વિરોધ દર્શાવ્યો હતો. ત્યારે નવરાત્રિ પર પ્રતિબંધ મૂકાતા કલાકારોનો આક્રોશ ખૂલીને સામે આવ્યો હોય તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કારણ કે, કોરોનાને કારણે થયેલા લોકડાઉન બાદથી હજુ સુધી સંગીતની દુનિયા સાથે જોડાયેલા કલાકારો માટે આ કપરો કાળ યથાવત રહ્યો છે.



રાજ્ય સરકારે મોટા ગરબાના આયોજન પર અગાઉ જ મનાઈ ફરમાવી હતી. પરંતુ કલાકરોને અપેક્ષા હતી કે, રાજ્ય સરકાર જો શેરી ગરબાને મંજૂરી આપશે તો નાના નાના કલાકારોને જીવનદાન મળી રહેશે. પરંતુ સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકા મુજબ હવે કોઈપણ પ્રકારના ગરબાના આયોજન પર પણ પૂર્ણવિરામ મૂકાઈ જતા, સંગીતની દુનિયા સાથે જોડાયેલા કલાકરોમાં નિરાશા પણ વ્યાપી છે. જો કે વધતા જતા કોરોના સંક્રમણને જોતા ગરબાના મોટા આયોજકોએ પણ આ વર્ષે ગરબા માટે કાર્યક્રમ ના યોજવા અંગે અગાઉ જ સ્પષ્ટતા કરી હતી. શેરી ગરબાના આયોજનને લઈને ખેલૈયાઓને આશા હતી કે રાજ્ય સરકાર મંજૂરી આપશે, પરંતુ ૧૬ ઓક્ટોબરથી અમલ થનારી રાજ્ય સરકારની નવી માર્ગદર્શિકા મુજબ કોઈપણ પ્રકારના ગરબાના આયોજનને રાજ્ય સરકારે મંજૂરી આપી નથી. આવામાં ખેલૈયાઓમાં નિરાશા પણ જોવા મળી છે, પરંતુ અનેક શહેરીજનોએ સરકાર દ્વારા કરાયેલા આ નિર્ણયને આવકાર્યો છે. અમદાવાદ મેડિકલ એસોસિએશન સતત વિનંતી કરી રહ્યું હતું કે, આ વર્ષે કોરોના સંક્રમણને ધ્યાને રાખતા રાજ્ય સરકાર જો ગરબાની પરવાનગી ના આપે તો જ બધા માટે હિતાવહ રહેશે. નહિ તો પરીસ્થિતિ કથળશે અને કોરોનાના જો કેસો વધશે તો દર્દીઓની સારવાર કરવા માટે મુશ્કેલી સર્જાશે એ નક્કી છે.

# ધો. ૯-૧૦માં ૩૦% ઘટાડા બાદ સુધારેલો અભ્યાસક્રમ આપવામાં વિલંબ

**વિદ્યાર્થીઓમાં તણવા ઓછો કરવા અને પરીક્ષાની સારી તૈયારી કરી શકે માટે અભ્યાસક્રમમાં ઘટાડો કરાયો હતો**

અમદાવાદ,તા.૧૦

કોરોના મહામારીના કારણે સ્કૂલો બંધ હોવાથી તાજેતરમાં જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૯થી ૧૨નો અભ્યાસક્રમ ઘટાડવામાં આવ્યો હતો. સિલેબસમાં ૩૦ ટકા ઘટડો કરાયા બાદ સુધારેલો અભ્યાસક્રમ શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે. જેમાં કયા ધોરણમાં કેટલા પ્રકરણો અને કેટલા પ્રશ્નો ઓછા થશે તે વિશે વિગતવાર માહિતી છે. જો કે, ધોરણ ૯ અને ૧૦માં વિજ્ઞાન વિષયમાં રદ કરવામાં આવેલા અને સમાવિષ્ટ કરાયેલા અમુક મુદ્દામાં સમાનતા હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વિધામાં મૂકાયા છે. કોરોના મહામારીના લીધે માર્ચ મહિનાથી સ્કૂલો બંધ છે અને વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરાવાઈ રહ્યો છે. ઓનલાઈન અભ્યાસમાં અનેક વિદ્યાર્થીઓને મુશ્કેલી નડતી હોવાની ફરિયાદ ઉઠી હતી. તેમજ સીબીએસઈ બોર્ડે કોરોનાની સ્થિતિને જોતાં અભ્યાસક્રમમાં ૩૦ ટકા ઘટાડાની જાહેરાત કરી હતી. જેના અનુસંધાને ગુજરાત બોર્ડે પણ ધોરણ ૯-૧૨નો અભ્યાસક્રમ ૩૦ ટકા ઘટાડ્યો હતો. કયા વિષયના કયા પ્રકરણમાંથી શું કાપવમાં આવ્યું છે તેની માહિતી શાળાઓ અને વિદ્યાર્થીઓને આપી દેવાઈ છે. જો કે, ધોરણ ૯ અને ૧૦માં વિજ્ઞાનમાં અભ્યાસક્રમમાં ચાલુ રખાયેલા અને દૂર કરાયેલા મુદ્દાઓમાં સમાનતા હોવાથી વિદ્યાર્થીઓ મૂંઝાયા છે. ખરેખર કયા મુદ્દા ચાલુ રખાયા છે અને કયા દૂર કરાયા છે તેને લઈને વિદ્યાર્થી અને વાલીઓ ઉપરાંત શિક્ષકો પણ દ્વિધામાં છે. તાજેતરમાં જ વાલીઓએ આ અંગે બોર્ડમાં રજૂઆત કરીને ઝડપથી સ્પષ્ટતા કરવાની માગ કરી હતી. ધોરણ ૯ના વિજ્ઞાન વિષયમાં પ્રકરણ ૧, ૨, ૩, ૪ અને ૭માં જે મુદ્દાઓ રાખવામાં આવ્યા છે તે જ રદ પણ કરાયા હોવાનું દર્શાવાયું છે. આ જ પ્રકારે ધોરણ ૧૦માં પણ વિજ્ઞાનમાં પ્રકરણ ૧, ૨, ૩, ૮, ૧૧, ૧૨, ૧૬ વગેરેમાં આ મુજબની સ્થિતિ જોવા મળી હતી. ત્યારે વાલીઓએ માગ કરી છે કે ઝડપથી આ મામલે શિક્ષણ બોર્ડ તરફથી ચિત્ર સ્પષ્ટ કરવામાં આવે. મહત્વનું છે કે, ઓનલાઈન અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો તણાવ ઘટે અને ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ સારી રીતે પરીક્ષાની તૈયારી કરી શકે તે માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે જ અભ્યાસક્રમમાં ૩૦ ટકા ઘટાડો જાહેર કરાયો છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦મીએ ગાંધીનગર આવશે

ગાંધીનગર,તા.૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૧મી ઓક્ટોબરે ગુજરાતના પ્રવાસને લઈને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ સંગીતા સિંઘે ગઈકાલે બેઠક બોલાવી હતી. સીઆરપીએફ, એસઆરપી અને બીએસએફના જવાનો દ્વારા ૩૧મી ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકતા પરેડ યોજાશે. ત્યારે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ સંગીતા સિંઘે બેઠકમાં એકતા પરેડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈને ચર્ચા કરી હતી. ગૃહ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબરે રાત્રે ગુજરાત આવશે. તેઓ ૩૦મી ઓક્ટોબરે રાત્રે રાજભવનમાં રાત્રિ રોકાણ કરીને ૩૧ ઓક્ટોબરે સવારે અમદાવાદ રિવરફ્રન્ટથી સી પ્લેન દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા નીકળશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ૩૦મી તારીખે રાત્રે જે ૩૧મી તારીખે વહેલી સવારે પોતાની માતા હીરા બાના પણ આશીર્વાદ લેવા જઈ શકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાતની મુલાકાત દરમિયાન અન્ય બે થી ત્રણ પ્રોજેક્ટ વીડિયો કોન્ફરન્સ દ્વારા લોકાર્પણ થાય તેવી પણ સંભાવના છે. સરદાર પટેલ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દર વર્ષે થાય છે. આ વખતે કોરોના સંક્રમણને કારણે આ ઉજવણી મર્યાદિત ઉપસ્થિતો વચ્ચે થઈ શકે છે. જોકે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે એકતા પરેડ સહિતના કાર્યક્રમોની તૈયારીઓ થઈ રહી છે. આજે ગૃહ વિભાગ દ્વારા સીઆરપીએફ અને ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી વડાપ્રધાનના પ્રવાસ અને કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી સી પ્લેન મારફતે અમદાવાદથી કેવડિયા પહોંચશે. ત્યારે તેઓ આ સી પ્લેનનું પણ ઉદઘાટન કરવાના છે. જેના બાદ આ સી પ્લેન સેવા સામાન્ય લોકો માટે ખુલ્લી મૂકાશે.

# અમદાવાદ-મુંબઈ વચ્ચે ૧૭મીથી તેજસ દોડશે

**મુસાફરોને લાંબા અંતરની મુસાફરી ન કરવી પડે તેથી ટ્રેનનું સ્ટોપેજ અંધેરી સ્ટેશનને આપવાનો નિર્ણય લેવાયો**

મુંબઈ,તા.૧૦

દેશની પહેલી કોર્પોરેટ ટ્રેન અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસ હવે મુંબઈના અંધેરી સ્ટેશન પર રોકાશે. ભારતીય રેલ્વેની પીએસયુ કંપની આઈઆરસીટીસીએ કોરોનાને મુંબઈના અંધેરી સ્ટેશન પર આ ટ્રેનનો સ્ટોપેજ આપવાનું કારણ જણાવ્યું છે. કોરોના વાયરસને કારણે, મુસાફરોને લાંબા અંતરની મુસાફરી ન કરવી પડે તેથી આ પ્રીમિયમ ટ્રેનનું સ્ટોપેજ અંધેરી સ્ટેશનને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદથી આવતી વખતે આ ટ્રેન બપોરે ૧૨.૪૧ વાગ્યે મુંબઈના અંધેરી સ્ટેશન પર રોકાશે જ્યારે મુંબઈથી અમદાવાદ જતી વખતે બપોરે ૧૫:૫૮ વાગ્યે અંધેરી સ્ટેશન પર રોકાશે. અગાઉ તેજસ એક્સપ્રેસનો સ્ટોપ નડિયાદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર હતો. ૬ મહિનાથી વધુ સમય માટે અસ્થાયી રૂપે રદ થયા પછી, આ ખાનગી ટ્રેન ફરીથી પાટા પર દોડાવવામાં આવી રહી છે. આ ટ્રેન તહેવારની સીઝન એટલે કે દશેરા-દિવાળી પહેલા ૧૭ ઑક્ટોબરથી ફરીથી ચલાવવામાં આવશે. તેજસ ટ્રેનની ટિકિટ બુકિંગ પણ શરૂ થઈ ગઈ છે. કોરોના કાળ પહેલાં આઈઆરસીટીસી બે તેજસ એક્સપ્રેસ ચલાવતી હતો. લખનૌ-નવી દિલ્હી અને અમદાવાદ-મુંબઈ વચ્ચે તેજસ ટ્રેન દોડાવવામાં આવી હતી. કોવિડ ૧૯ ના કારણે બદલાયેલા સંજોગોને કારણે, આ બંને ટ્રેનો ફરીથી મુસાફરોને ૧૭ ઑક્ટોબરથી તેમના ગંતવ્ય પર લઈ જશે. અમદાવાદથી મુંબઈ વચ્ચે એક્ઝિક્યુટિવ ચેરકારનું ભાડું ૨૩૮૪ રૂપિયા છે. જેમાં બેઝ ફેર રૂ .૧૮૭૫, જીએસટી રૂ .૯૪ અને કેટરિંગ ચાર્જ રૂ. એસી ચેર કારનું ભાડુ ૧૨૮૯ રૂપિયા હશે, જેમાં બેઝ ફેર ૮૩૦ રૂપિયા, જીએસટી ૪૪ રૂપિયા અને કેટરિંગ ચાર્જ ૩૭૫ રૂપિયા છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે એક્ઝિક્યુટિવ ચેરકારનું ભાડુ રૂ. ૨૩૭૪ છે, જેમાં રૂ .૧૮૭૫ બેઝ ફેર, રૂ .૯૯ નો જીએસટી અને કેટરિંગ ચાર્જ ૪૦૫ રૂપિયા છે. એસી ચેર કારનું ભાડુ ૧૨૭૪ રૂપિયા છે, જેમાં બેઝ ફેર તરીકે ૮૭૦ રૂપિયા, ૪૪ જીએસટી અને કેટરિંગ ચાર્જ રૂ. ૩૬૦ નો સમાવેશ થાય છે.







લાયન્સ પરિવાર ગાંધીનગર અને જીસીઆઈ ગાંધીનગર દ્વારા સંયુકત રીતે રકતદાન કેમ્પ સે-૭ પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. રકતદાન સમિતિના ચેરમેન લાયન હાર્દિકભાઈ કંસારાના નેતૃત્વમાં યોજાનાર આ રકતદાન કેમ્પમાં ૧૭ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાયન પ્રમુખ ઉમંગ પંડયા, લાયોનેસ પ્રમુખ મિત્તલ રાણા, લીયો પ્રમુખ વિનય જયસંઘાણી, જેસીઆઈ પ્રમુખ પદમસિંહ ચૌહાણ સાથે તમામ સંસ્થાના હોદ્દેદારો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. લાયન વિમલભાઈ સોની દ્વારા સેનેટાઈઝર તથા લાયન સાવન મહેતા દ્વારા મિનરલ વોટર બોટલ તથા બિસ્કિટની સેવા પૂરી પાડવામાં આવી હતી.